અપીલ અરજી નં.૩૧૯ તા.૩૦–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ગુલામભાઈ મેમણ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી હેલ્થ એન્ડ હોસ્પિટલ માટે ડે.કમિશ્નર તરીકેની વરણી માટે લાયકાત અને ડીગ્રી કવોલીફીકેશન પહેલા કેટલી હતી અને હમણા કેટલી રાખી છે તેની મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૧૯/૨૦૦૯–૧૦

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી હેલ્થ એન્ડ હોસ્પિટલ માટે ડે.કમિશ્નર તરીકેની વરણી માટે લાયકાત અને ડીગ્રી કવોલીફીકેશન પહેલા કેટલી હતી અને હમણા કેટલી રાખી છે તેની મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબતે પર્સોનલ ઓફિસર (મહેકમ) અને મદદનીશ જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૧૦ તા.૯–૧૨–૦૯ થી આપેલ માહિતી અધુરી આપવામા આવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૨૫ તા.૭–૧–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ)ને પત્ર પાઠવવામાં અવોલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં .જીએડી/ઈએસટી/આર/૯૧૫ તા.૧૮–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પર્સોનલ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી મુદા નં.૫ અને ૬ ની આપેલી માહિતી ના પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/ ૮૧૦ તા.૯–૧૨–૦૯ ના પત્રની નકલ તથા ડે.કમિશ્નર(પઅનેઈ) તરફથી ડે.કમિશ્નર(સ્પે)ને તબદીલ કર્યા અંગે નં.જીએડી/ઈએસટી/૨૭૩૧ તા.૧–૧૨–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ હેલ્થ એન્ડ હોસ્પિ. માટે ડે.કમિશ્નરની નિમણુંકમાં કેટલી ડીગ્રી જોઈએ. મુદ્દા નં.૨. સદરહુ હોદ્દા માટે આજથી દસ વર્ષ પહેલા કેટલી ડીગ્રીમાં નિમણુંક કરતાં હતાં અને આજે કેટલી ડીગ્રીમાં નિમણુંક કરવામાં આવે છે તેની વિગત. મુદ્દા નં.૩. સદર હોદ્દા માટે ઓછી ડીગ્રીવાળા અરજદારની નિમણુંક કરવા માટે કયા કાયદાનો અમલ થયો છે જેની માહિતી. મુદ્દા નં.૪ સદર હોદ્દામાં ઓછી ડીગ્રીવાળાની નિમણુંકથી શહેરની પ્રજાના હેલ્થ જોખમમાં મુકાશે જેની જવાબદારી કોની. મુદ્દા નં.૫. સદર હોદ્દા માટે આપેલી અરજીઓ જે તે ઉમેદવારે આપેલી ડીગ્રી સર્ટીફીકેટની નકલો આપવી. મુદ્દા નં.૬. સદર હોદ્દા માટે એમ. ડી. ડોકટરીનો અરજી આવેલી છે કે નહીં હા કે ના માં જવાબ આપો તેમજ તેની નકલ આપવી. જે બાબતે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી અંગેનં.જીએડી/ઈએસટી/૨૯૮૯ તા.૨૪–૧૨–૦૯ થી પાના નંગ–૮ પ્રતિ પાનાદીઠ રૂા.૨/– લેખે રૂા.૧૬/– ભરપાઈ કરી જરૂરી માહિતી અને દસ્તાવેજો મેળવવા જણાવવામાં આવેલ છે. પરંતુ અરજદારે તે માહિતી મેળ વેલ છે કે કેમ તે જણાવેલ નથી. જયારે મંદ્દા નં.૫ અને ૬ અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૩૧ તા.૧–૧૨–૦૯ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલ કરવામાં આવેલ. જે અંગે તેઓ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૧૦ તા.૯–૧૨–૦૯ થી અરજદારને મુદ્દા નં.૫ અને ૬ થી માંગવામાં આવેલી માહિતી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની કલમ–૮(૧)(આઈ) મુજબ હાલ આપી શકાય તેમ નથી. ભરતી અંગેની પ્રક્રિયા પૂર્ણ થયેથી આપની જરૂરીયાત હશે તો અરજી કર્યેથી મેળવી શકશો તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેના અનુસંધાને અરજદારે તા.૩૦–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરી આપેલ જવાબો ગોળ ગોળ અને ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવેલ છે. પરંતુ તે અંગે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી.

મુદ્દા નં.૫ અને ૬ અંગે જાહેર માહિતી અધિકારી (આર) ધ્વારા લીધેલ નિર્ણય પ્રસ્તુત તબકકે આરટીઆઈ એકટની કલમ–૮(૧)(આઈ) મંત્રી મંડળ કે અધિકારીના વિચાર વિર્મશના કાગળો બાબત પૂર્ણ થાય નહીં અને નિર્ણય લેવાય નહીં ત્યાં સુધી અપવાદ હેઠળ આવે છે તેની સાથે સુસંગત છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને જણાવ્યાનુસાર જો તેઓ ઈચ્છુક હોય તો નિર્દિષ્ટ દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૫ અને ૬ અંગે ભરતી અંગેની પ્રક્રિયા પૂર્ણ થયેથી જરૂરીયાત હોય તો તે સમયે અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અપીલ અરજીમાં વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ: –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ),...જાણ તથા અમલ માટે

(૨) શ્રી ગુલામભાઈ મેમણ,